Happy New Year 2012 to all our Dear Readers

# બબુબા

–ચીનુ મોદી 'ઈર્શાદ'

હું માંડ છ વર્ષનો હતો એટલે કે જુન 1945માં મેં મારી માને બેડમીંટન કોર્ટમાં મારા બાપુજી સાથે બેડમીંટન રમતી જોયેલી. ગુજરાતી સાડી પહેરીને પણ એ કોર્ટમાં દોટાદોટ કરતી.

એ જ વરસોમાં વીજાપુર લેડીઝ ક્લબના મકાનમાં ગરબાની પ્રેક્ટીસ કરાવતી મેં મારી માને જોઈ હતી. એ પોતે લેડીઝ ક્લબની સેક્રેટરી હતી.

કસ્બાતીના વાંટામાં નળકાંઠામાં મેં મારી માને સગી આંખે રાતે ભેલાણ થયું ત્યારે ભાલો લઈને ખેતરમાં દોડતી જોયેલી અને સામે થયેલા એક હાથીયા નામના ભરવાડને એણે જડબાતોડ ભાલો મારેલો. ઢોર લઈ ભરવાડો ભાગી છુટેલા ત્યારે હુંયે એમની પાછળ પાછળ હાથમાં પથરો લઈ દોડતો મને દેખાઉં છું. આ વાત 1949ની.

એ ઢાળીયા વાળે, ઉપણે, હલર ચલાવી ડાંગર છડે; શેવરોલેટ કાર ચલાવે, રાત્રે અમારી સાથે પત્તે રમે.

પોતાની માની જેમ એયે દાંતે છીંકણી ઘસે, નીયમીત ટીવી જુએ. કોઈ પણ હૉટેલમાં અમદાવાદમાં એકલી એ ટેસથી નાસ્તો કરતી પણ મળી આવે.

મેં બીજી વાર લગ્ન કર્યાં ત્યારે મને ધારીયું લઈને મારી નાખવાયે ધસી આવે – આવી જનનીની જોડ ક્યાંય જડે ?

હા, આ મારી મા : શશીકાન્તા ચંદુલાલ મોદી, ઉર્ફે નાનપણમાં મારા માટે 'બબુ', મારી મોટી વયે મમ્મી. આખા વીજાપુરમાં 'બબુબહેન' તરીકે ખ્યાત તે મારી મા આખાય નળકાંઠામાં 'બા' તરીકે ઓળખાય. આ ઉદ્ બોધન અમદાવાદમાં આજે રહું છું, એ બાવન બંગલાની સોસાયટીમાંય ઉપયોગમાં લેવાતું.

મારાં નાની–જીજીબાને મારી મા ક્યારેય નહીં ગમતી અને એટલે એની ગેરહાજરીમાં મને કાયમ કહે : 'કોઈની સાથે રહોને તો ધોળો કોઢ થાય; પણ આ તારી મા સાથે રહેને એને કાળો કોઢ થાય.'

ભારે હુશીયાર, બાહોશ, પોતાને લાગે તે સાચું એમ સ્પષ્ટ રીતે માનનારી, કાળો કકળાટ કરી કોઈનેય ધાર્યાં કામે લગાડવાની નાટ્યશક્તી. પાંચ પુરુષ ભાંગીને ઘડેલી એવી મારી મા હતી. પણ જ્યાં સુધી મારા બાપુજી જીવ્યા ત્યાં સુધી એની સારપો ખાસ્સી પ્રગટ થયેલી. બાપુજીથી મારી મા બીવે પણ બહુ; પરન્તુ એમના અવસાન પછી સ્પ્રીંગ પરથી દબાણ ખસી ગયું અને સૌથી વધારે એથી કોઈને અડતરનડતર થયું હોય તો તે મને અને મારી પત્ની

હંસાને. પણ હંસા એના મનને જીતી લઈ શકેલી અને એટલે મેં બીજી વાર લગ્ન કર્યાં ત્યારે મારે નામે હતી એ તમામ મીલકત એણે હંસા અને મારા ભાઈ દીલીપને નામે કરી આપેલી.

એણે મારા પગારનો કાયમ વહીવટ કરેલો. મને રોજનો રુપીયો એ વાપરવા આપતી, પછી 1975ની આસપાસ રુપીયા દસ રોજના એ આપે. લાભશંકરને સમજાવી એમની પાસે ખેડુતોને ધીરાણ કરાવે. આ પૈસા પાછા આવ્યા કે ન આવ્યા એની મને જાણ નથી. મારા તમામ ભાઈબન્ધો સાથે એનો અંગત વ્યવહાર. રાવજીને સાચવે ને ઠપકારે પણ. આદીલને જુએ અને કહે :'સાલા મીયાં, તેં જ મારા દીકરાને બગાડ્યો.' અને ત્યારે આદીલસાહેબ પ્રત્યેક શબ્દને ઈસ્ત્રી કરી, મારી માને કહે :'માજી, તમારા દીકરામાં બગડવાની ક્ષમતા હતી જ.' મનહર અને લાભ શંકર તરફ એને સ્પેશીયલ માન. રાજેન્દ્ર શુક્લને 'બાવો' જ કહે, દાઢીને કારણે; પણ એના માટેયે વહાલ ખાસ્સું. સુભાષ શાહને એ 'ગીલીંડર' કહે.

એ મારી મા હતી એ કેવળ અકસ્માત જ; પણ મારા જીવનમાં આટલી બધી આર્થીક સમૃદ્ધી મને એની કુખે જનમવાને કારણે જ મળેલી. એ રણછોડલાલ કસ્બાતીની દીકરી – ખુબ લાડમાં ઉછરેલી. એકની એક દીકરી એટલે એનું નાનપણ ધોળકામાં રાજાની કુંવરીની જેમ વીતેલું. પણ પરણ્યા પછી મારા ગરીબ પીતાને તવંગર થતાં વાર લાગી. એ દરમીયાન એણે કોઈનેય ગરીબી ન જણાય એમ ઘર ચલાવેલું. મારા બાપુજીના અવસાન પછી 250 વીંઘા જમીન, વધેલી જમીનનો વહીવટ એણે જ કરેલો. પોતે અભણ છતાં લોંઠકા ખેડુતોએ એને 'બા' 'બા' કહી કહીને ફુલાવી મારેલી અને ધુતેલી. તે છેવટે 250 વીંઘા જમીન માત્ર રુપીયા પાંત્રીસ હજારમાં વેચી દેવી પડેલી. એટલે સ્વભાવે ફુલણશી.

સહેજ ઉતાવળી પણ આખા વ્યક્તીત્વએ ખરી. ખોટા નીર્ણયો લઈ એને પકડી પણ રાખે. પરન્તુ બીજી રીતે વીચારું છું ત્યારે લાગે છે કે એ ઉદારમતવાદી વ્યક્તીત્વ ધરાવતી હતી અને એટલે અમને સૌ ભાઈ–ભાંડુઓને એ પગભર બનાવી શકેલી. મારા બાપુજીના સ્વપ્નને મારા સન્દર્ભે પુરું કરવા એ ખાસ્સું મથેલી. મને એક પ્રસંગ યાદ છે : રણજીતસિંહ ગાયકવાડે વડોદરામાં મને એક સમારમ્ભમાં સાલ ઓઢાડી ત્યારે તે માનવા તૈયાર નહોતી; કારણ કે એમણે ગાયકવાડ સરકારની હજુરી કરતા મારા બાપુજીને જોયેલા. એમના પૅલેસમાં દરબારગઢમાં મારું સંગીતરુપક ભજવ્યું. ત્યારે પણ એણે ભારે ગૌરવ અનુભવેલું. એ મને ઘણી વાર પુછે:

'શ્રીમંત ગાયકવાડ સરકાર તને ઓળખે ? તારી સાથે વાત કરે ? હેં ?'

શ્રી. રણજીતસીંહ ગાયકવાડના લક્ષ્મીવીલાસ પૅલેસમાં રાખવામાં આવેલા ભોજન સમારમ્ભમાં શ્રી નરેન્દ્ર મોદી સાથે એક 26મી જાન્યુઆરીએ જવાનું થયેલું, ત્યારે મનમાં થયું હતું કે 'આજે જો મારી મા જીવતી હોત તો કેવી ખુશ થાત !'

મને પસંદ પડે તેવું થોડુંઘણું પણ કરી શકેલી. હું એની પસંદનું ભાગ્યે જ કશું કરી શક્યો છું. હમણાં મારી માને મેં એક કવીતામાં યાદ કરી છે. એ કવીતા આમ છે :

કોણ જાણે કેમ; પણ હમણાં ઘણા સમયથી
મારાં રુંવાડાં ફરકવાની આનાકાની કરે છે
અણધારી–ગોઝારી – કોઈ લોહીલુહાણ
ક્ષણસન્મુખ મુકાઉં
તો પણ અચરજથી ડરથી, મારાં રુંવાડાં ખડાં થતાં નથી.
જાણે અક્ષયતૃતીયા ન હોય એમ
સુખ માટેનું વણજોયેલું મુહુર્ત નીકળ્યું હતું.
ત્યારે પણ હરખથી રુંવાડાં લહેરાયાં નહીં.
હું વીસ્મય ખોઈ બેઠો છું.
મા, તારી ગુફામાં
મારે ફરી એક વાર
ઉંધે માથે લટકી
તપ કરવું પડશે ?

રુંવાડાં ખડાં થાય માટે ફરી જો જનમવાનું હશે તો કુખ શશીકાન્તા ચન્દ્દુલાલ મોદીની જ જોઈશે. અન્યની નહીં, એ નક્કી.

–ચીનુ મોદી 'ઈર્શાદ'

**'થેક યુ મમ્મી'** નામના યાદગાર ગ્રંથ (સંપાદકો : અમીષા શાહ અને મૃગાંક શાહ – sampark97@yahoo.com , મુખ્ય વીતરક : આર.આર.શેઠ, દ્વારકેશ, નેહરુ બ્રીજ કૉર્નર, ખાનપુર, અમદાવાદ–380 001 ફોન : 079-2550 6573, 022-2201 3441 ઈ–મેઈલ : sales@rrsheth.com – પાનાં– 252 : મુલ્ય – રુપીયા 300) માંથી સાભાર..

**પાંચ જ** મહિનામાં જેની **પાંચ હજાર** નકલો ખપી ગઈ અને હાલ એની ત્રીજી આવૃત્તી બની રહી છે એવા આ **'થેંક યુ મમ્મી'** ગ્રંથમાં અમીતાભ બચ્ચનથી અજય ઉમટ, મોહનદાસ ગાંધીથી મોરારી બાપુ, શબાના આઝમીથી શોભા ડે અને વીનોબા ભાવેથી વીનોદ ભટ્ટ જેવી નામાંકીત ૪૭ પ્રતીભાઓએ પોતાની માતા–મમ્મી વીશેની વીવીધ રંગી લાગણીને વહેવા દીધી છે. આ મહામુલા ગ્રંથ વીશે ગુણવંત શાહ લખે છે :

'માતા સીતા હોય કે તાટકા હોય;
માતા સતી હોય કે ગણીકા હોય;
માતા ગાય હોય કે વાઘણ હોય;
માતૃત્વ સદાય પવીત્ર જ હોય છે.
આ પૃથ્વી પર માતૃત્વથી અધીક પવીત્ર

એવી કોઈ ઘટનાની મને જાણ નથી;
કારણ કે આખરે તો
પૃથ્વી પોતે પણ એક માતા જ છે !'

સર્જક–સમ્પર્ક :
ચીનુ મોદી, 16–જીતેન્દ્રપાર્ક સોસાયટી, શંકર આશ્રમ પાસે, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ – 380 007; મોબાઈલ :97256 07173; ઈ–મેઈલ : drchinumodi@yahoo.com

'કોણ કહે છે કે ગુજરાતીઓ વાંચતા નથી ? ગુજરાતી સાહીત્ય વેચાતું નથી ? ગુજરાતીઓ પુસ્તક પાછળ પૈસા નહીં ખર્ચે ? પાંચ જ માસના ગાળામાં આ પુસ્તકની હવે ત્રીજી આવૃત્તી થઈ રહી છે.' –સમ્પાદીકા બહેન અમીષા સાથેની ફોન પરની વાતચીતમાંથી...

..ઉત્તમ–મધુ ગજ્જર..

'સન્ડે ઈ-મહેફીલ' - વર્ષ: સાતમું - અંક: 234 – January 01, 2012
'ઉંઝાજોડણી'માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

**More than 1,06,66,000 Gujarati Language lovers have visited**
**http://www.gujaratilexicon.com**
**More than 9,50,000 have visited Digital Bhagwadgomandal**
**http://www.bhagwadgomandal.com**
**More than 1,90,000 have visited Lokkosh**
**http://lokkosh.gujaratilexicon.com**

@@@@@@@